Published Date:	30 Aug 2026	Publication:	Divya Bhaskar (Gujarati) [Ahmedabad]
Journalist:	Bureau	Page No:	12
Circulation:	249,767		

બેન્ચમાર્ક ઇન્ડેક્સ છેલ્લા 18 મહિનાથી સ્થિર છતાં

નિફ્ટી 500ની આવકમાં વાર્ષિક ધોરણે આશરે 20 ટકાની વૃદ્ધિ



બેન્ચમાર્ક ઇન્ડેક્સ છેલ્લા 18 મહિનાથી એકંદરે સ્થિર રહ્યો છે અને છેલ્લા કેટલાક મહિનાથી એક ચોક્કસ રેન્જમાં રહ્યો છે. સરકારનું આર્થિક વૃદ્ધિ પર ધ્યાન, સિસ્ટમમાં મજબૂત ધિરાણ વૃદ્ધિ અને જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડા ભારતીય અર્થતંત્ર માટે અનુકૂળ પરિબળો તરીકે કામ કરી રહ્યા છે. તાજેતરના ત્રિમાસિક ગાળામાં નિફ્ટી 500ની આવકમાં વાર્ષિક ધોરણે આશરે 20 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાઈ હોવાનો નિર્દેશ ટાટા એસેટ મેનેજમેન્ટના સિનિયર ફંડ મેનેજર સોનમ ઉદાસીએ દર્શાવ્યો હતો.

કેટલાક ક્ષેત્રોમાં વેલ્યુએશન ઊંચું છે ત્યારે હાલમાં તમને મૂલ્ય આધારિત રોકાણની તકો ક્યાં જોવા મળી રહી છે?

વેલ્યુ ઇન્વેસ્ટિંગ એટલે માત્ર પરંપરાગત વેલ્યુએશન માપદંડોના આધારે સસ્તા દેખાતા શેરોની ખરીદી કરવી નહીં. તેનો અર્થ એવી કંપનીઓને ઓળખવાનો છે, જ્યાં બજારભાવ કંપનીના લાંબા ગાળાના વાસ્તવિક મૂલ્યને પૂરતા પ્રમાણમાં દર્શાવતો ન હોય. આવી તકો ઘણીવાર ત્યારે ઊભી થાય છે જ્યારે ટૂંકા ગાળાની ચિંતાઓ અથવા ચક્રિય પડકારોને કારણે મૂળભૂત રીતે મજબૂત કંપનીઓની સાચી સ્થિતિ બજારની નજરમાં ઢંકાઈ જાય. રોકાણ પ્રક્રિયામાં વેલ્યુએશન અંગેના શિસ્તબદ્ધ અભિગમની સાથે કંપનીના પાયાના સ્તરે સંશોધન કરવામાં આવે છે. અમે કંપનીઓનું મૂલ્યાંકન તેમની કમાણીની ગુણવત્તા, ઇક્વિટી પર વળતર, રોકાણ કરેલી મૂડી પર વળતર, બેલેન્સશીટની મજબૂતી, રોકડ પ્રવાહ ઊભો કરવાની ક્ષમતા અને કોર્પોરેટ ગવર્નન્સના આધારે કરીએ છીએ. આ માપદંડો અમને વાસ્તવિક મૂલ્ય આધારિત તકો અને માત્ર સસ્તા દેખાતા પરંતુ જોખમી રોકાણ વચ્ચેનો તફાવત સમજવામાં મદદ કરે છે. અમને લાગે છે કે બજારની ચિંતાઓ માળખાકીય નહીં પરંતુ કામચલાઉ છે, ત્યારે અમે બજારથી વિપરીત અભિગમ અપનાવવામાં પણ સંકોચ કરતા નથી.

ટાટા વેલ્યુ ફંડે 22 વર્ષ પૂર્ણ કર્યાં છે બજારના વિવિધ ચક્રો દરમિયાન ફંડને સતત સારું પ્રદર્શન કરવામાં શું મદદ મળી છે?

છેલ્લાં 22 વર્ષ દરમિયાન ફંડની સફર એક સતત સિદ્ધાંતથી માર્ગદર્શિત રહી છે કે પોતાના વાસ્તવિક મૂલ્ય કરતાં ઓછા ભાવે ઉપલબ્ધ ગુણવત્તાસભર કંપનીઓમાં રોકાણ કરવું અને બજારના વિવિધ ચક્રો દરમિયાન શિસ્ત જાળવી રાખવી. બજારમાં તેજી ઘરાવતા શેરોની પાછળ દોડવાને બદલે અથવા બજારના દરેક તબક્કા સાથે અમારી રોકાણની ફિલસૂફીમાં ફેરફાર કરવાને બદલે, અમે સતત એવી કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમની પાસે લાંબા સમય સુધી ટકી શકે તેવા સ્પર્ધાત્મક લાભ, ટકાઉ નફા વૃદ્ધિ, મજબૂત બેલેન્સશીટ

રોકાણની ફિલોસોફી એવી કંપનીઓને ઓળખવા પર કેન્દ્રિત હોવી જોઇએ?

રોકાણની ફિલોસોફી એવી કંપનીઓને ઓળખવા પર કેન્દ્રિત છે, જ્યાં કંપનીનું વાસ્તવિક મૂલ્ય પ્રવર્તમાન બજારભાવ કરતાં નોંધપાત્ર રીતે વધારે હોય અને તે મૂલ્ય બજારમાં ઓળખાય તે માટે પૂરતો સમય આપવો. ટૂંકા ગાળાની બજારની હિલચાલની આગાહી કરવાનો પ્રયાસ કરવાને બદલે રોકાણકારો માટે ધીરજ રાખવી, શિસ્તબદ્ધ રીતે રોકાણ કરવું અને લાંબા ગાળાનો અભિગમ જાળવી રાખવો વધુ લાભદાયી છે. બજારના વિવિધ ચક્રોમાં અંતે લાંબા ગાળાનું વળતર ટૂંકા ગાળાની બજારની લાગણીઓ નહીં, પરંતુ કંપનીના પાયાના મજબૂત પરિબળો નક્કી કરે છે.

અને મૂડીની સમજદારીપૂર્વક ફાળવણી કરવાની ક્ષમતા હોય. બીજું મહત્વનું પાસું માર્કેટ કેપિટલાઇઝેશનના વિવિધ વર્ગોમાં ફ્લેક્સિબિલિટી જાળવી રાખવાનું રહ્યું છે. લાર્જ-કેપ, મીડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓમાં મૂલ્ય આધારિત રોકાણની તકો ઊભી થઈ શકે છે અને અમારી રોકાણ પ્રક્રિયાથી અમે એવી કંપનીઓને ઓળખી શકીએ છીએ.

ભારતીય ગ્રાહક બજારમાં શું બદલાઈ રહ્યું છે અને હાલમાં તમને તકો ક્યાં જોવા મળી રહી છે?

બદલાતી વસ્તીવિષયક સ્થિતિ, વધતી આકાંક્ષાઓ અને ગ્રાહકોની બદલાતી વર્તણૂંક સાથે ભારતની વપરાશ આધારિત વૃદ્ધિની વાર્તા સતત બદલાઈ રહી છે. ખાસ કરીને મહિલાઓની વધતી કાર્યશૈત્રમાં ભાગીદારી, યુવા વસ્તી અને આવકના સ્તરમાં સુધારાને કારણે અગાઉની સરખામણીમાં વધુ વ્યાપક શ્રેણીની પ્રોડક્ટ્સ અને સર્વિસીસની માંગ વધી રહી છે. આજનો વપરાશ પરંપરાગત દૈનિક જરૂરિયાતોની ચીજવસ્તુઓ પૂરતો મર્યાદિત રહ્યો નથી. પ્રોસેસ્ડ ફૂડ, બહાર ભોજન લેવાની વધતી ટેવ, ગ્રાહક સેવાઓ, હોમ અપ્લાયન્સિસ અને બદલાતી જીવનશૈલીની આકાંક્ષાઓને અનુરૂપ સર્વિસીસ અને પ્રોડક્ટ્સ આપતા વ્યવસાયોમાં અમને માળખાકીય તકો જોવા મળી રહી છે.